॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૧૫

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

### (ગુજરાતી શ્લોકનું ભાષાંતર)

| | |
|---|---|
| **શ્લોક - ૨૧૧** | બાળપણથી જ સેવા, વિનમ્રતા વગેરે દૃઢ કરવાં. ક્યારેય નિર્બળ ન થવું અને ભય ન પામવો. |
| **શ્લોક - ૨૧૨** | બાળપણથી જ સત્સંગ, ભક્તિ અને પ્રાર્થના કરવાં. પ્રતિદિન પૂજા કરવી તથા માતા-પિતાને પંચાંગ પ્રણામ કરવા. |
| **શ્લોક - ૨૧૩** | કુમાર તથા યુવાન અવસ્થામાં વિશેષ સંયમ પાળવો. શક્તિનો નાશ કરે એવા અયોગ્ય સ્પર્શ, દૃશ્ય વગેરેનો ત્યાગ કરવો. |
| **શ્લોક - ૨૧૪** | સારા ફળને આપે તેવું, ઉન્નતિ કરે તેવું અને ઉચિત હોય તેવું જ સાહસ કરવું. જે કેવળ પોતાના મનનું અને લોકોનું રંજન કરે તેવું સાહસ ન કરવું. |
| **શ્લોક - ૨૧૫** | પોતાને અવશ્ય કરવાના ઉદ્યમને વિષે ક્યારેય આળસ ન કરવી. ભગવાનને વિષે શ્રદ્ધા અને પ્રીતિ કરવી. પ્રતિદિન પૂજા કરવી અને સત્સંગ કરવો. |
| **શ્લોક - ૨૧૬** | આ લોકમાં સંગ બળવાન છે. જેવો સંગ હોય તેવું જીવન બને. આથી સારા મનુષ્યોનો સંગ કરવો. કુસંગનો સર્વથા ત્યાગ કરવો. |
| **શ્લોક - ૨૧૭** | જે મનુષ્ય કામાસક્ત, કૃતઘ્ની, લોકોને છેતરનાર, પાખંડી તથા કપટી હોય તેનો સંગ ત્યજવો. |
| **શ્લોક - ૨૧૮, ૨૧૯** | જે મનુષ્ય ભગવાન અને તેમના અવતારોનું ખંડન કરતો હોય, પરમાત્માની ઉપાસનાનું ખંડન કરતો હોય અને સાકાર ભગવાનને નિરાકાર માનતો હોય તેનો સંગ ન કરવો. તેવા ગ્રંથો ન વાંચવા. |
| **શ્લોક - ૨૨૦** | જે મનુષ્ય મંદિર અને ભગવાનની મૂર્તિઓનું ખંડન કરતો હોય, સત્ય-અહિંસા આદિ ધર્મોનું ખંડન કરતો હોય તેના સંગનો ત્યાગ કરવો. |
| **શ્લોક - ૨૨૧** | જે મનુષ્ય ગુરુ શરણાગતિનો વિરોધ કરતો હોય, વૈદિક શાસ્ત્રોનું ખંડન કરતો હોય, ભક્તિમાર્ગનો વિરોધ કરતો હોય તેનો સંગ ન કરવો. |
| **શ્લોક - ૨૨૨** | કોઈ મનુષ્ય લોકમાં વ્યાવહારિક કાર્યોમાં બુદ્ધિવાળો હોય અથવા શાસ્ત્રોમાં પારંગત પણ હોય, તેમ છતાં પણ જો તે ભક્તિએ રહિત હોય તો તેનો સંગ ન કરવો. |
| **શ્લોક - ૨૨૩** | આધ્યાત્મિક વિષયોમાં શ્રદ્ધાનો જ તિરસ્કાર કરી જે મનુષ્ય કેવળ તર્કને જ આગળ કરતો હોય તેનો સંગ ન કરવો. |
| **શ્લોક - ૨૨૪** | મુમુક્ષુ હરિભક્તોએ સત્સંગમાં રહેલ કુસંગને પણ જાણવો અને ક્યારેય તેનો સંગ ન કરવો. |
| **શ્લોક - ૨૨૫** | જે મનુષ્ય પ્રત્યક્ષ ભગવાનમાં અને ગુરુમાં મનુષ્યભાવ જોતો હોય અને નિયમ પાળવામાં શિથિલ હોય તેનો સંગ ન કરવો. |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# **સત્સંગદીક્ષા**

## મુખપાઠ શ્રેણી : ૧૫

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

### સંસ્કૃત શ્લોકો (ગુજરાતીમાં)

| | |
|---|---|
| **શ્લોક - ૨૧૧**<br>બાલ્યાદેવ દૃઢીકુર્યાત્ સેવાવિનમ્રતાદિકમ્ ।<br>નિર્બલતાં ભયં ચાપિ નૈવ ગચ્છેત્ કદાચન ॥ ૨૧૧ ॥ | **શ્લોક - ૨૧૮, ૨૧૯**<br>ખંડનં વિદધાતિ યઃ ।<br>ઉપાસ્તેઃ ખંડનં યશ્ચ કુરુતે પરમાત્મનઃ ॥ ૨૧૮ ॥<br>સાકૃતિકં પરબ્રહ્મ મનુતે યો નિરાકૃતિ ।<br>તસ્ય સંગો ન કર્તવ્યસ્તાદગ્ગ્રંથાન્ પઠેન્નહિ ॥ ૨૧૯ ॥ |
| **શ્લોક - ૨૧૨**<br>બાલ્યાદેવ હિ સત્સંગં કુર્યાદ્ ભક્તિં ચ પ્રાર્થનામ્ ।<br>કાર્યા પ્રતિદિનં પૂજા પિત્રોઃ પંચાંગવંદના ॥ ૨૧૨ ॥ | |
| **શ્લોક - ૨૧૩**<br>વિશેષસંયમઃ પાલ્યઃ કૌમાર્યે યૌવને તથા ।<br>અયોગ્યસ્પર્શદશ્યાદ્યાસ્ત્યાજ્યાઃ શક્તિવિનાશકાઃ ॥ ૨૧૩ ॥ | **શ્લોક - ૨૨૦**<br>મંદિરાણાં યો મૂર્તીનાં કુરુતે હરેઃ ।<br>સત્યાહિંસાદિધર્માણાં તસ્ય સંગં પરિત્યજેત્ ॥ ૨૨૦ ॥ |
| **શ્લોક - ૨૧૪**<br>કુર્યાદ્ ઉચિતમેવ સાહસમ્ ।<br>ન કુર્યાત્ કેવલં યદ્ધિ સ્વમનોલોકરંજકમ્ ॥ ૨૧૪ ॥ | **શ્લોક - ૨૨૧**<br>ગુર્વાશ્રયવિરોધી યો વૈદિકશાસ્ત્રખંડકઃ ।<br>ભક્તિમાર્ગવિરોધી સ્યાત્ તસ્ય સંગં ન ચાચરેત્ ॥ ૨૨૧ ॥ |
| **શ્લોક - ૨૧૫**<br>નાલસ્યમ્ આપ્નુયાત્ કવચિત્ ।<br>શ્રદ્ધાં પ્રીતિં હરૌ કુર્યાત્ પૂજાં સત્સંગમંવહમ્ ॥ ૨૧૫ ॥ | **શ્લોક - ૨૨૨**<br>લોકે સ્યાદ્ વ્યાવહારિકકર્મસુ ।<br>ન સેવ્યો ભક્તિહીનશ્ચેચ્છાસ્ત્રપારંગતોપિ વા ॥ ૨૨૨ ॥ |
| **શ્લોક - ૨૧૬**<br>બલવાઁલ્લોકે યથાસંગં હિ જીવનમ્ ।<br>સતાં સંગમ્ અતઃ કુર્યાદ્ કુસંગં સર્વથા ત્યજેત્ ॥ ૨૧૬ ॥ | **શ્લોક - ૨૨૩**<br>તિરસ્કૃત્ય હ્યાધ્યાત્મિકેષુ કેવલમ્ ।<br>પુરસ્કરોતિ યસ્તર્કં તત્સંગમાચરેન્નહિ ॥ ૨૨૩ ॥ |
| **શ્લોક - ૨૧૭**<br>ભવેદ્ યો હિ કૃતઘ્નો લોકવંચકઃ ।<br>પાખંડી કપટી યશ્ચ તસ્ય સંગં પરિત્યજેત્ ॥ ૨૧૭ ॥ | **શ્લોક - ૨૨૪**<br>સત્સંગેપિ કુસંગો યો જ્ઞેયઃ સોપિ મુમુક્ષુભિઃ ।<br>તત્સંગશ્ચ ન કર્તવ્યો હરિભક્તૈઃ કદાચન ॥ ૨૨૪ ॥ |
| | **શ્લોક - ૨૨૫**<br>હરૌ ગુરૌ ચ પ્રત્યક્ષે મનુષ્યભાવદર્શનઃ ।<br>શિથિલો નિયમે યશ્ચ ન તસ્ય સંગમાચરેત્ ॥ ૨૨૫ ॥ |